ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

૯

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૨/૧૮-૧૯/ 4676 તારીખ : 11 OCT 2018

પ્રતિ,

કેસ ન. ૩૨/૧૮-૧૯.

શ્રી સરવૈયા ભગવાનભાઈ ભાણાભાઈ,
પ્લોટ વિસ્તાર, ગુજરડા,
તા : મહુવા જી. ભાવનગર.
મો : ૮૧૨૮૯ ૩૦૧૮૦.

વિષય : **ઘર વપરાશના વીજ બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા : ૧૨.૦૫.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં બીઝેડ/ફોરમ/૩૨/૧૮-૧૯/૨૨૨૦ તા.૧૭.૦૫.૧૮.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.

૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, આર-૧ મહુવા.

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal Forum

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૩૨/૧૮-૧૯ નો હુકમ**

વાદી ની તા.૧૨.૦૫.૧૮ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી શ્રી સરવૈયા ભગવાનભાઈ ભાણાભાઈ, ગુંજરડા, તા. મહુવા. જી. ભાવનગર દ્વારા ઘર વપરાશના વીજ કનેક્શનના બિલ ના મળવા બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ/૩૨/૧૮-૧૯/ ૨૨૨૦ તા.૧૭.૦૫.૧૮. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને જરૂરી તપાસ કરી પ્રતિવાદીની ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા વાદીની ફરિયાદને ધ્યાને લઇ વાદીને ઘર વપરાશનું પ્રો-રેટા તથા વપરાશ મુજબ ૧૨૯૦ યુનીટ નું રૂ. ૭,૬૨૫/- તા. ૨૧.૮.૧૮ના રોજ બિલ ઈસ્યુ કરી આપેલ છે તેમજ વાદી દ્વારા તા. ૨૫.૦૮.૧૮ના રોજ રૂ. ૨,૦૦૦/- પહોંચ નં. ૯૫૩૭૪૫ તા. ૨૯.૦૯.૧૮ના રોજ રૂ. ૨,૦૦૦/- પહોંચ નં. ૯૫૯૮૩૫ થી ભરી આપેલ છે. તેમજ વાદીની અરજી મુજબ તેમને આપેલ બિલ ના હપ્તા અંગે મીટર રીડર દ્વારા રૂબરૂ મુલાકાત કરેલ તેમજ પેટા વિભાગીય કચેરી રૂરલ-૧ દ્વારા પત્ર નં. ૫૯૮૮ તા. ૧૫.૦૯.૧૮ થી પણ જાણ કરેલ છે. તેમ છતાં વાદીબીલના હપ્તા કરવા અંગે પે.વી.કચેરીના નાયબ ઈજનેરશ્રી નો સંપર્ક કરેલ નથી.

વિશેષમાં વાદીને તેની રૂબરૂ રજૂઆત કરવા તા. ૦૭.૦૯.૧૮ તથા તા. ૦૯.૦૧૦.૧૮ના રોજ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ તેમની ફરિયાદનો નિકાલ થયેલ હોઈ હાજર રહ્યા નથી. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવમાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તથા તેમના લેખિત પત્રથી પણ ફોરમને જણાવેલ છે કે વાદીની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ : ૦૯.૧૦.૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar.